## (1) POPs (Persistent Organic Pollutants)ની લાક્ષણીકતાઓ નીચેનામાંથી કઈ કઈ છે ?

(1) પાણીમાં અદ્રાવ્ય

(2) ફેટી–એસિડમાં કેન્દ્રિત થઈ શકતા નથી.

(3) વાતાવરણમાં લાંબા સમય સુધી રહે છે.

(4) માનવ/પર્યાવરણ સ્વાસ્થ્ય પર વિપરિત અસર કરે છે.

(A) માત્ર (1), (3) અને (4)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ કેન્દ્રીય કેબિનેટે સ્ટોકહોમ સંધિ હેઠળના 7 રસાયણો સંબંધી નિયમોને અમલમાં લાવવાનું નક્કી કર્યું છે.

⇛ સ્ટોકહોમ સંધિ માનવ તથા પર્યાવરણના સ્વાસ્થ્યને POPs (Persistent Organic Pollutants)થી બચાવવા માટેની એક વૈશ્વિક સંધિ છે.

⇛ નીચેની લાક્ષણિકતાઓ ધરાવનાર રસાયણોને POPs કહી શકાય.

- વાતાવરણ/પર્યાવરણમાં લાંબા સમય સુધી રહી શકે. (આથી, વિધાન (3) સાચું છે.)
- સજીવોના ફેટી એસિડમાં જૈવ–સંકેન્દ્રિત (Bio-Accumulation) થતાં હોય. (આથી, વિધાન (2) ખોટું છે.)
- પાણીમાં ઓછાં પરંતુ દ્રાવ્ય હોય. (આથી, વિધાન (1) ખોટું છે.)
- માનવ/પર્યાવરણના સ્વાસ્થ્ય પર વિપરિત અસર કરી શકતા હોય. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) ગ્લોબલ એન્વાયરમેન્ટ ફેસિલિટી (GEF) હેઠળ નીચેનામાંથી કઈ કઈ સંધિ / પ્રોટોકોલ / કરારને ફંડીંગ મળે છે ?**

(1) UNFCC
(2) UNCBD
(3) UNCCD
(4) મિનામાટા સંમેલન

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ GEFની સ્થાપના 1992ની રિયો પરિષદ સાથે થઈ હતી.

⇛ તેનું નિયમન સંયુક્ત રીતે વર્લ્ડ બેંક, યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) અને યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા કરવામાં આવે છે.

⇛ તે વિકાસશીલ દેશોને આબોહવા પરિવર્તન, જૈવ વિવિધતા, ઓઝોન સ્તર વગેરે સાથે સંકળાયેલા પ્રોજેકટ માટે ફંડ પૂરું પાડે છે.

⇛ તે નીચેના 5 આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય કરાર માટે નાણાકીય મિકેનીઝમ પૂરું પાડે છે.

- યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCC)
- યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન બાયોલોજીકલ ડાયવર્સિટી (UNCBD)
- સ્ટોકહોમ કન્વેન્શન ઓન પર્સીસ્ટન્ટ ઓર્ગેનીક પોલ્યુટન્ટ (POPs)
- યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન (UNCCD)
- મિનામાટા કન્વેન્શન ઓન મર્ક્યુરી

(આથી, આપેલ દરેક વિધાન સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ગરીબી અને વહેંચાયેલી સમૃદ્ધિ (Poverty and Shared Prosperity) રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ UNDP દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

(2) આ રિપોર્ટ દર 5 વર્ષે બહાર પડે છે.

(3) રિપોર્ટ મુજબ, વૈશ્વિક સ્તરની અત્યંત ગરીબી (Extreme Poverty)માં 20 વર્ષ પછી પહેલી વખત આ વર્ષે વધારો થશે.

(4) 'નવા ગરીબ' થયેલાં લોકો ખેતી ક્ષેત્રે વધુ પ્રમાણમાં સંકળાયેલા હશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3)
(C) માત્ર (2) અને (4)
(D) માત્ર (1), (3) અને (4)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ વર્લ્ડ બેંકે 'ગરીબી અને વહેંચાયેલી સમૃદ્ધિ' નામનો રિપોર્ટ જાહેર કર્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ રિપોર્ટ દર બે વર્ષે બહાર પાડવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ રિપોર્ટ મુજબ, કોવીડ-19ના કારણે સબ–સહારન આફ્રિકામાં 27-40 મિલિયન અને દક્ષિણ એશિયા વિસ્તારમાં 49-57 મિલિયન નવા ગરીબો ઉમેરાશે. આ નવા ગરીબોની લાક્ષણિકતા નીચે મુજબની છે :

- વધુ શહેરી ગરીબો હશે.
- અનઔપચારીક સેવા અને ઉત્પાદન ક્ષેત્ર સાથે સંકળાયેલા હશે અને ખેતી ક્ષેત્રે ઓછાં હશે. (આથી, વિધાન (4) ખોટું છે.)
- શહેરના ગીચ વિસ્તારોમાં રહેતાં હશે.

⇛ 20 વર્ષમાં પ્રથમ વખત કોવીડના કારણે અત્યંત ગરીબી વૈશ્વિક સ્તરે આ વર્ષ દરમિયાન વધશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ભારતીય વાયુ સેના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ભારતની વાયુ સેના વિશ્વની પાંચમા ક્રમની સૌથી મોટી વાયુ સેના છે.
(2) રાષ્ટ્રપતિ વાયુ સેનાના સુપ્રીમ કમાન્ડર તરીકેનો હોદ્દો ધરાવે છે.
(3) 8 ઓક્ટોબર 'એર ફોર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.
(4) ભારતની વાયુસેનાનું ધ્યેય વાક્ય (motto) ભગવદ ગીતામાંથી લેવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ 8 ઓક્ટોબર 2020ના રોજ ભારતીય વાયુ સેનાના 88માં 'એર ફોર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ ભારતની વાયુસેના વિશ્વમાં ચોથા ક્રમ આવે છે. ભારતની આગળ યુ.એસ., ચીન અને રશિયાના ક્રમ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ ભારતીય વાયુસેનાનું ધ્યેય વાક્ય (motto) 'नभः स्पृशं दीप्तम्' (Glory that touches the Sky) છે. આ વાક્ય ભગવદ ગીતાના 11માં અધ્યાય/પ્રકરણમાંથી લેવામાં આવ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ ભારતના રાષ્ટ્રપતિ વાયુ સેનાના સુપ્રીમ કમાન્ડરનો હોદ્દો સંભાળે છે. વાયુ સેનાનો ઓપરેશનલ (કાર્યકારી) કમાન્ડ 'ચીફ ઓફ એર સ્ટાફ' સંભાળે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા સૂચકાંક (નેશનલ એર કવોલીટી ઈન્ડેક્ક્ષ)માં નીચેનામાંથી કયા કયા વાયુ/પ્રદૂષકોનો સમાવેશ થાય છે.**

(1) PM10
(2) PM 2.5
(3) કાર્બન ડાયોકસાઈડ
(4) મિથેન
5. નાઈટ્રોજન પેરોકસાઈડ
6. લીડ
7. એમોનિયા
8. ઓઝોન

(A) માત્ર (1), (2), (6), (7) અને (8)
(B) માત્ર (1), (2),(3), (4) અને (7)
(C) માત્ર (2) અને (3)
(D) માત્ર (2), (3),(4), (5) અને (8)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 28 જૂન બાદ પ્રથમ વખત દિલ્હીની વાયુ ગુણવત્તા 'ખરાબ' (poor) કેટેગરીમાં આવી છે. આ માપન રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા સૂચકાંક મુજબ કરવામાં આવ્યું છે. આ સૂચકાંકની શરૂઆત 2014થી થઈ હતી.

⇛ આ સૂચકાંકમાં નીચેના 8 વાયુ/પ્રદૂષકોને માપ માટે ગણતરીમાં લેવામાં આવે છે.

- PM10 (1 સાચું)
- PM 2.5 (2 સાચું)
- નાઈટ્રોજન ડાયોકસાઈડ - $NO_2$
- સલ્ફર ડાયોકસાઈડ - $SO_2$
- કાર્બન મોનોકસાઈડ - CO
- ઓઝોન - $O_3$ (8 સાચું)
- એમોનીયા - $NH_3$ (7 સાચું)
- લીડ - Pb (6 સાચું)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT